અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન

મ્યુનિસિપલ કમિશનરશ્રી ની સેન્ટ્રલ ઓફિસ

સરદાર પટેલ ભવન, દાણાપીઠ, અમદાવાદ - ૩૮૦૦૦૧

ઓફિસ ઓર્ડર નં: ૨૪૭ તા.૦૭/૦૩/૨૦૨૪

**લોકસભા સામાન્ય ચુંટણી-૨૦૨૪ અન્વયે અમદાવાદ મહાનગરપાલિકા વિસ્તારમાં પાળવાની થતી આચારસંહિતા અમલીકરણની કામગીરી માટેના**

ભારતના ચૂંટણી પંચ દ્વારા લોકસભાની સામાન્ય ચુંટણીઓ યોજવા આગામી ટૂંકસમયમાં જ જાહેરાત કરવામાં આવનાર છે. આથી સદરહુ સામાન્ય ચૂંટણીને અનુલક્ષતાં મહાનગરપાલિકા વિસ્તારમાં પાળવાની થતી આદર્શ આચાર સંહીતાના અમલીકરણની કામગીરી મહાનગરપાલિકા દ્વારા કરવાની થાય છે.

આચારસંહીતાના અમલીકરણની કામગીરી માટે **અમદાવાદ મહાનગરપાલિકાના તમામ ઝોનના ડે.એસ્ટેટ ઓફિસરશ્રીઓ દ્વારા** મહાનગરપાલિકા વિસ્તારના જાહેર માર્ગો, જાહેર તેમજ ખાનગી મિલ્કતો ઉપરના ધ્વજદંડ, પતાકાઓ, લખાણો, સૂત્રો, વિશાળ કટઆઉટ, હોર્ડીંગ્સ, જાહેરાતના પાટીયા, બેનર્સ, પોસ્ટરો વિગેરે દૂર કરાવવાના રહેશે. સદર કામગીરી ચૂંટણી જાહેર થયેથી ચૂંટણી કામગીરી પૂર્ણ થાય ત્યાંસુધીના સમય માટે રોજે રોજ રાઉન્ડ ધી ક્લોક કરાવવાની રહેશે. આ બાબતે કરવામાં આવેલ કાર્યવાહી નોંધ વિગતવાર રોજે રોજ રીપોર્ટ તૈયાર કરી ત્રણ કોપીમાં (૧) જીલ્લા ચૂંટણી અધિકારી અને જીલ્લા કલેક્ટરશ્રી, અમદાવાદ (૨) ચીફ નોડલ ઓફિસર, આદર્શ આચારસંહિતા અમલીકરણ અધિકારીશ્રી, ડાયરેક્ટરશ્રી, ડી.આર.ડી.એ., અમદવાદ તેમજ (૩) નોડલ ઓફિસર શ્રી, આચારસંહિતા અમલીકરણ (શહેરી વિસ્તાર) અને એચ.ઓ.ડી.(જનરલ)શ્રી, નોર્થવેસ્ટઝોન, અ.મ્યુ.કો.ને મોકલી આપવાના રહેશે.

વધુમાં, આચારસંહિતા ભંગને લગતી ફરીયાદોના યોગ્ય નિકાલની કામગીરી કરવાની રહે છે. સદર આચારસંહિતા ભંગને લગતી ઝોનની ફરીયાદ અંગે સંબંધિત ઝોનના નીચે પત્રક અ મા જણાવેલ આસી.મ્યુનિસિપલ કમિશનરશ્રીએ જે તે સંબંધિત વિભાગના વડા પાસેથી અહેવાલ સહ રીપોર્ટ મેળવી તેમના **તેમના અભિપ્રાય સાથે રીપોર્ટ તૈયાર કરી** ત્રણ કોપીમાં (૧) જીલ્લા ચૂંટણી અધિકારી અને જીલ્લા કલેક્ટરશ્રી, અમદાવાદ (૨) ચીફ નોડલ ઓફિસર, આદર્શ આચારસંહિતા અમલીકરણ અધિકારીશ્રી, ડાયરેક્ટરશ્રી, ડી.આર.ડી.એ., અમદવાદ તેમજ (૩) નોડલ ઓફિસર શ્રી, આચારસંહિતા અમલીકરણ (શહેરી વિસ્તાર) અને એચ.ઓ.ડી.(જનરલ)શ્રી, નોર્થવેસ્ટઝોન, અ.મ્યુ.કો.ને મોકલી આપવાના રહેશે.

પત્રક અ

| અનુ ન | આસી મ્યુનિસિપલ કમિશનરશ્રીનુ નામ | આસી. નોડલ ઓફિસર, આચારસંહિતા અમલીકરણ ઝોન |
|---|---|---|
| ૧ | શ્રી સાગરભાઈ જે પીલુચીયા | મધ્ય ઝોન |
| ૨ | શ્રી હીતેષભાઈ ગજ્જર | પૂર્વ ઝોન |
| ૩ | શ્રી કિરણકુમાર વનાલીયા | પશ્ચિમ ઝોન |
| ૪ | શ્રી હેમંત આર બલાત | ઉત્તર ઝોન |
| ૫ | શ્રી નિકુંજ મહેન્દ્રભાઈ પ્રજાપતિ | દક્ષિણ ઝોન |
| ૬ | શ્રી દેવેનભાઈ ભટ્ટ | ઉત્તર પશ્ચિમ ઝોન |
| ૭ | શ્રી પૃથ્વીરાજસિંહ બી ઝાલા | દક્ષિણ પશ્ચિમ ઝોન |

| અ. નં. | આસી. નોડલ ઓફિસર, આચારસંહિતા અમલીકરણ | મદદનીશ આસી. નોડલ ઓફિસર, આચારસંહિતા અમલીકરણ |
|---|---|---|
| ૧. | આસી. મ્યુનિ. કમિશનરશ્રી (પત્રક અ મુજબ ઝોન વાઈઝ ) | ડે.એસ્ટેટ ઓફિસરશ્રી, તમામ ઝોન |

ઉપરોક્ત પત્રક અ માં દર્શાવ્યા મુજબ ના આસી.મ્યુનિ.કમિશનરશ્રીઓએ તેમના નામ સામે જણાવેલ ઝોનના આસી.નોડલ ઓફિસર, આચારસંહિતા અમલીકરણ તથા તમામ ઝોનના ડે.એસ્ટેટ ઓફિસરશ્રીઓએ મદદનીશ આસી.નોડલ ઓફિસર, આચારસંહિતા અમલીકરણ તરીકે ઉક્ત પેરા નં.૨ અને ૩ માં દર્શાવ્યા મુજબની કામગીરી નિભાવવાની રહેશે.**તેમજ આ કામગીરી માટે પત્રક અ ના આસી મ્યુનિસિપલ કમિશનરશ્રીએ તેમજ તમામ ઝોનના ડે.એસ્ટેટ ઓફિસરશ્રીઓએ તેમના તાબા હેઠળના સ્ટાફને મદદમા લેવાના રહેશે.**

સહી : એમ.થેન્નારસન

**મ્યુનિસિપલ કમિશનર**

નકલ રવાના યોગ્ય કાર્યવાહી કરાવવા સારૂ:-

- આસી. મ્યુનિસિપલ કમિશનરશ્રી, અ.મ્યુ.કો. , તમામ વોર્ડ,
- ડે. એસ્ટેટ ઓફિસરશ્રી, અ.મ્યુ.કો. , તમામ ઝોન

નકલ રવાના જાણ સારૂ:-

- જીલ્લા ચૂંટણી અધિકારી અને જીલ્લા કલેક્ટર શ્રી, અમદાવાદ
- ચીફ નોડલ ઓફિસર, આદર્શ આચારસંહિતા અમલીકરણ અધિકારીશ્રી, ડાયરેક્ટરશ્રી, ડી.આર.ડી.એ., અમદવાદ
- નિયુક્ત મદદનીશ ચૂંટણી અધિકારીશ્રીઓ, અમદાવાદ મહાનગરપાલિકા વિસ્તાર